ગાંધીનગર સમાચાર



# શહેર પર મેઘરાજા મહેરબાન

**૨૪ કલાકમાં સવા ચાર ઇંચ : આકરી ગરમીના અંતે મેહુલિયો આખરે મહેરબાન થતા શહેર વરસાદી પાણીમાં ઘમરોળાયુ : નગરજનોએ વરસાદમાં ભીંજાવાની મજા માણી : મેઘરાજા મન મુકીને વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી : મુખ્ય તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યા**






ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં આજે મેઘરાજા મહેરબાન થતા સમગ્ર શહેર વરસાદી પાણીમાં ઘમરોળાયુ હતુ. મૌસમના પ્રથમ વરસાદના આગમનથી નગરનુ જનજીવન ચેતનવંતુ બની ગયુ હતુ. છેલ્લા ૨૪ કલાકમાં સાડા ચાર ઈંચ વરસાદ વરસ્યો હતો. છેલ્લા ચાર મહીનાથી અંગ દઝાડતી ગરમી અને અસહ્ય બફારના અંતે આખરે મેઘમહેર થતા સાર્વત્રિક ઠંડક પ્રર્વતી હતી. સિઝનના પ્રથમ વરસાદની મજા માંણવા નગરજનો રસ્તા પર ભીંજાવા નિકળી પડયા હતા. મેહુલિયા મન મુકીને વરસતા ગરમીથી મુર્ઝાયેલી પ્રકૃતિ પણ નિખરી ઉઠી હતી. ત્યારે બીજીતરફ શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોની શેરીઓમાં વરસાદી પાણી હીલોળા લેતુ નજરે પડ્યુ હતુ. વરસાદી મહેક સાથે નગરજનોએ આહલાદક વાતાવરણની મજા માંણી હતી.

છેલ્લા ચાર મહીનાથી આગ ઓકતી ગરમીથી ત્રસ્ત નગરજનો છેલ્લા ૧૫ દિવસથી વરસાદની વાટે હતા. આકાશમાં રોજબરોજ અંગડાઈ લેતા વાદળો વરસ્યા વિના જ વિખેરાઈ જતા આકરા બફારમાં પરસેવે નીતરતા શહેરીજનોની મીટ નભ તરફ મંડરાઈ હતી. વરસાદની પ્રબળ આશ વચ્ચે સૌ કોઈ મેઘરાજાના ઓવારણાં લેવા ઉત્સુક બન્યા હતા. ત્યારે ગઈકાલ સાંજથી સર્જાયેલા વાતાવરણ પલ્ટાના અંતે મેઘરાજાએ વરસવાનુ શરૂ કરતા નગરજનોને હાંશકારો થયો હતો. ગઈકાલે સાંજે ૧૭ મી મી વરસાદ વરસ્યો હતો. જયારે આજે પણ સવારથી આકાશમાં ગોરંભાયેલા વાદળો વરસતા શહેરમાં ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. આજે સવારે ૧૧ થી બપોરે ૩ કલાક દરમિયાન ૯૧.૫ મી મી વરસાદ વરસ્યો હતો. હળવા ભારે ઝાપટા સાથે રીમઝીમ વરસતા વરસાદના લીધે સેકટરોમાં ચોમેર વરસાદી પાણી ઉભરાતા નજરે પડ્યા હતા. શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં વરસાદી પાણી હીલોળા લેતુ નજરે પડયુ હતુ.

મેઘમહેરના અંતે નગરમાં દરવર્ષની જેમ નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. જયારે વરસાદી પાણીના નિકાલની લાઈનના અભાવે કેટલાક ઠેકાણે પાણી જમા થયુ હતુ. નગરના મુખ્ય ઘ માર્ગ પર કોર્ટ તેમજ કલેકટર કચેરી પાસે પાણી ભરાઈ ગયુ હતુ. ઘ-૪ પાસે તેમજ ઘ માર્ગની રોડની સાઈડમાં ફુટપાથ સમાંતર વરસાદી પાણી ભરાયેલુ જોવા મળ્યુ હતુ. સે-૧૭ ૨૨ પાસે સે- ૩ અને ૬ના રીંગ રોડ પર વરસાદી પાણી હીલોળા લેતુ નજરે પડયુ હતુ. સે-૨૨માં પણ પંચદેવ મંદિર તરફ જવાના માર્ગ પર પાણીનો ભરાવો થયો હતો.

જયારે સેકટરોના રીંગ રોડ તેમજ કોમન પ્લોટમાં પણ વરસાદી પાણી ઉભરાતુ જોવા મળ્યુ હતુ. મેઘરાજા મન મુકીને વરસતા આહલાદક વાતાવરણ વચ્ચે સાર્વત્રિક ઠંડક પ્રસરી હતી.

નગરજનોએ પણ સિઝનના પ્રથમ વરસાદમાં ભીંજાવાની મજા લીધી હતી. બીજીતરફ સેકટરોમાં વરસાદી સમસ્યાઓ પણ ઉભરાતી નજરે પડી હતી. વરસાદના લીધે નગરનુ જનજીવન પ્રભાવિત થયુ હતુ.

## રવિવારે સાંજે ૫ થી ૭ દરમિયાન ૧૭ મી.મી. જયારે સોમવારે સવારે ૧૧ થી ૩ કલાક દરમિયાન ૯૧ મી.મી. વરસાદ

## ઈન્ફોસીટી પાસે સ્ટોર્મ વોટર લાઈનમાં પોલાણ અકસ્માતનો ખતરો



શહેરમાં સ્ટોર્મ વાટર લાઈનની વ્યવસ્થાના અભાવ વચ્ચે સેકટરોમાં પાણીનો ભરાવો થયો હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. જયારે નગરના પ્રવેશદ્વારા પાસે સ્થિત ઘ-0 થી રીલાયન્સ ચોકડી તરફ સ્ટોર્મ વોટર લાઈનનુ કામ પણ હમણાં જ પુરુ થયુ છે. જેમાં પોલાણ થતા ગમે ત્યારે રાહદારી અકસ્માતનો ભોગ બને તેવી દહેશત પ્રવર્તી છે. આ વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો થતો હોવાના લીધે સ્ટોર્મ વોટર લાઈન નાંખવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. પરંતુ યોગ્ય પુરાણ ન થાવા લીધે હાલ પોલાણ સર્જાયુ છે.

## શહેરમાં દિવસ રાતનુ તાપમાન એકસરખુ ૨૮-૨૮ ડિગ્રી

શહેરમાં વરસાદી વાયરાની સાથે મોસમનો મિજાજ બદલાઈ ગયો છે. છેલ્લા ઘણાં સમયથી આકરી ગરમીથી ગુંગળામણ અનુભવતા નગરજનો આજે મૌસમના પ્રથમ વરસાદ સાથે મુડમાં આવી ગયા હતા.જયારે વરસાદી વાતાવરણ વચ્ચે લઘુત્તમ અને મહત્તમ તાપમાન પણ એકસરખુ જાવા મળ્યુ હતુ દિવસ અને રાત્રિના તાપમાનમાં કોઈ ફેરફાર જોવા મળ્યો ન હતો. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૨૮.૫ ડી ગ્રી રહયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૨૮ ડી ગ્રી નોંધાયુ હતુ.

## સે-૧૭ માં જ-કક્ષાના આવાસની ગેલેરીની છતમાંથી મોટુમસ પોપડુ ખર્યુ



શહરના સે-૧૭માં જ ટાઈપના બ્લોકનં ૧૦૯/૨માં આજે બપોરે વરસાદી વાયરા વચ્ચે સરકારી મકાનના મીટર બોર્ડ પણ પડી ગયા હતા. જયારે ગેલેરીની છતમાં પણ મોટુમસ ગાબડુ પડયુ હતુ જો કે આ ઘટના દરમિયાન સદનસીબે કોઈને જાનહાની થવા પામી ન હતી. આ ભયજનક સ્થિતિ અંગે રહીશો દ્વારા ગત મહીના દરમિયાન પાટનગર યોજના વિભાગને રજુઆત પણ કરવામાં આવી હતી. પંરતુ તંત્ર દ્વારા કોઈ પગલા ન લેવાતા આજે છતમાંથી મોટુમસ પોપડુ ખર્યુ હતુ. જયારે મીટર બોક્ષ પણ ભયજનક હાલતમાં હોવાનુ સ્પષ્ટ થયુ હતુ.

# જિલ્લામાં સાર્વત્રિક વરસાદથી ખુશીનો માહોલ

**ગાંધીનગર-કલોલ તાલુકામાંમાં બે ઈંચ કરતાં વધારે વરસાદ તો માણસામાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં આજે સાર્વત્રિક સારો વરસાદ થતાં ખેડૂતોમાં નવી આશાનો સંચાર થયો છે અને વાવણીની કામગીરીમાં ખેડૂતો જોતરાઈ ગયા છે.

જિલ્લામાં આજે સાર્વત્રિક મેઘ મ્હેર જેવો વરસાદ થયો હતો. ખૂબ તપેલી જમીન પર વરસાદી પાણી પડતાં જ વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. તેમજ વાવેતર થયેલા ખેતરોને પાણી મળતાં ખેડૂતોના ચહેરા પર ખુશીઓ છલકાતી જોવા મળી હતી.

ગાંધીનગર તાલુકામાં બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. તો દહેગામમાં ત્રણ કલાકમાં ચાર ઈંચ વરસાદ ખાબકતાં દહેગામ શહેર સહિતના વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા.

માણસા તાલુકામાં પણ બપોર બાદ સારો વરસાદ નોંધાયો છે. ત્યાં પણ દોઢ ઈંચ જેટલો વરસાદ આજે દિવસ દરમ્યાન નોંધાયો છે. તો કલોલમાં પણ બે ઈંચ જેટલો વરસાદ નોંધાતાં લોકોએ રાહત અનુભવી છે.

પખવાડિયાના વિલંબ પછી સક્રિય થયેલા ચોમાસાની ધમાકેદાર એન્ટ્રીથી સમગ્ર જિલ્લામાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

વરસાદને કારણે વાહન-વ્યવહાર પર પણ થોડી અસરો જોવા મળી હતી. જો કે જિલ્લામાં ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા છે. તળાવો અને નદીઓમાં નવા પાણીની આવક થવા પામી છે. જિલ્લામાં પાણીની નવી આવક થતાં સ્થાનિક જળસ્ત્રોતો પણ ધીમી ગતિએ રિચાર્જ થયા છે.

## અતિભારે વરસાદની આગાહીના પગલે જિલ્લા તંત્ર એલર્ટ મોડ પર

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતમાં આગામી ૭૨ કલાકમાં ભારેથી અતિભારે વરસાદ થવાની આગાહીના પગલે જિલ્લાતંત્ર એલર્ટ મોડમાં મુકવામાં આવ્યું છે.

જિલ્લા કલેક્ટરે આજે તમામ મામલતદાર, તાલુકા વિકાસ અધિકારીઓ અને તલાટીઓને ફરજનું મુખ્ય મથક નહિ છોડવા તેમજ કંટ્રોલરૂમ સાથે સતત સંપર્કમાં રહેવાની કડક તાકીદ કરી છે. આ ઉપરાંત કોઈપણ નીચાણવાળા સ્થળે વરસાદી પાણી ભરાઈ જાય તો ત્યાંથી સમયસર લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી કરવી. કોઈ પણ અનિચ્છનીય ઘટના બને તો પણ તાત્કાલિક જિલ્લા કક્ષાએ સંપર્ક કરી તેની જાણકારી આપવી એટલુ જ નહિ મદદની જરૂરિયાત હોય તો તેની વિગતો પણ આપવી. જિલ્લા કલેક્ટરે બન્ને પ્રાંત અધિકારીઓને પણ આ અંગે સતર્ક રહી સતત તાલુકાઓ સાથે સંપર્ક રાખી વિગતો મેળવવા માટેની સૂચનાઓ આપી છે. ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતમાં આગામી ૭૨ કલાક દરમ્યાન ભારેથી અતિભારે વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. એક પખવાડિયાના વિલંબ પછી મેઘરાજાએ આજે જિલ્લાભર સાર્વત્રિક મ્હેર કરી દીધી છે. આજે જિલ્લામાં થયેલા સાર્વત્રિક વરસાદથી વાતાવરણમાં પણ પલ્ટો આવ્યો છે.

## સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનના અભાવે વરસાદી પાણી હીલોળે ચઢયુ



શહેરમાં ધોધમાર વરસાદના લીધે ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર વરસાદી પાણી હીલોળા લેતા નજરે પડયા હતા. જયારે દરવર્ષની જેમ કલેકટર કચેરી તેમજ કોર્ટ સંકુલ પાસે ઘ માર્ગ પર વરસાદી પાણીનો ભરાવો યથાવત જોવા મળ્યો હતો. બીજીતરફ સેકટરોમાં પણ સ્ટોર્મ વોટર લાઈનના અભાવ વચ્ચે જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. સેકટરોના રીંગ રોડ તેમજ કોમન પ્લોટમાં વરસાદી પાણીનો ભરાવો થયો હતો. શહેરના સાત જ સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવામાં આવી છે. જયારે અન્ય સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા રામભરોસે છે. લાંબા સમયના અંતે પણ સ્ટોર્મ વોટર લાઈન નાંખવાનુ આયોજન કરવામાં આવ્યુ નથી. વરસાદી પાણીના ભરાવાના લીધે નગરજનો અનેકવિધ સમસ્યાઓથી ઘેરાયેલા જોવા મળે છે.


**જોઈએ છે**

શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેક્ટર-૨૧ ખાતે હિસાબી કામના કોમ્પ્યુટરની કામગીરી જાણકાર હિસાબનીસ અને વહીવટી કામગીરી સંભાળી શકે તેવા વૈષ્ણવે અપેક્ષિત પગાર સાથે દિન સાતમાં અરજી મોકલવી વૈષ્ણવને પ્રથમ અગ્રતા આપવામાં આવશે.

સહી/- (ડી.એફ. શાહ) પ્રમુખ

સહી/- (રસીકભાઈ ગાંધી) માનદ્ મંત્રી

વિદ્યા લાયબ્રેરી ૨૭માં વર્ષ નિમિત્તે યોજે છે.

**વીસમો ભવ્ય પુસ્તક મેળો**

તા. ૧૦,૧૧ જુલાઈ રવિ-સોમ, ૯ થી ૫

ધોરણ ૫ થી ૧૨ ના

"કોઈપણ પુસ્તક માત્ર રૂપિયા ૧૦/- માં"

જેમાં આપને મળશે - જુના અને નહીવત્ ડીફેકટીવ પુસ્તક, પાઠ્યપુસ્તકો, ગાઈડો, અપેક્ષીતો, પેપરસેટ, પ્રેક્ટીસવર્ક તથા પરીક્ષાલક્ષી સંપૂર્ણ મટીરીયલ્સ

ભવ્ય ઓફર ડીક્ષનરી : OXFORD - GALA ભવ્ય ડિસ્કાઉન્ટ

ચોપડા : સ્પે. ચોપડા માત્ર રૂા. ૧૦/- 1 ડઝનના રૂા. 120, 150, 180 થી વધુ

કાગળ : 1 પેકેટ રૂા. 30, 50 પૂરવણી (૫૦ નંગ) રૂા. 80 / રૂા. 150

અડધી કિંમતે G.P.S.C. ધાર્મિક, વ્રત કથાઅઓ, મહેંદી, બાળવાર્તા, જનરલ નોલેજ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના પુસ્તકો

રૂા. 50/- પેનબોક્સ (નંગ-૨૦) Diploma રૂા. 20/-, ડિગ્રી રૂા. 20/- LL.B. સજેશન રૂા. 20/-

તારીખ : ૧૦, ૧૧ - જુલાઈ - ૨૦૧૬ રવિ-સોમ સમય સવારે : ૯ થી સાંજે ૫

વિદ્યા લાયબ્રેરી વિદ્યા શોપીંગ સેન્ટર, સેકટર-૧૬, ગાંધીનગર.

ફોન : 079- -232 29575 (M) 98250 18575, 98795 29575

ખાસ નોંધ : મેળામાં કોઈએ બેગ, થેલા, સાધન સાથે લાવવા નહિ, તેની જવાબદારી અમારી રહેશે નહિ.

**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN Autoclaved Aerated Concrete Blocks

ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦

sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

Kisan ashirvad BENELAVE DR. FIXIT TATA STEEL • PIPES • SHEETS VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com